## ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ

# સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની
# માહિતી પુસ્તિકા

### પ્રોગ્રામ કેટેગરી-૧

- બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર
- બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર
- બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી
- બી.ટેક. (બાયોટેકનોલોજી)


### પ્રોગ્રામ કેટેગરી-૨

- બી.ટેક. (એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ)
- બી.ટેક. (ફૂડ ટેકનૉલોજી)
- બી.ટેક. (રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જીનિયરીંગ)
- બી.ટેક. (એગ્રીકલ્ચરલ ઈન્ફર્મેશન ટેક્નોલૉજી)

### પ્રોગ્રામ કેટેગરી-૩

- બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ
- બી.એસસી. (ઓનર્સ) ફુડ ન્યુટ્રીશન એન્ડ ડાયટેટીક્સ

## શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪-૨૫




Navsari Agricultural University
Navsari - 396 450

Anand Agricultural University
Anand - 388 110

Junagadh Agricultural University
Junagadh - 362 001

Sardarkrushinagar Dantiwada Agricultural University
Sardarkrushinagar - 385 506

Visit us : ug.gsauca.in

**Note:**

- After deposition of Application fee Rs. 300/- (Non Refundable) from the website www.gsauca.in or ug.gsauca.in through Debit Card / Credit Card / Net Banking, Online form can be filled up using challan number. (ડેબિટ કાર્ડ/ ક્રેડિટ કાર્ડ / નેટ બેંકિંગ દ્વારા www.gsauca.in અથવા ug.gsauca.in પરથી અરજી ફી રૂ. ૩૦૦/- જમા કરાવ્યા પછી, ચલણ નંબરનો ઉપયોગ કરીને ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.)
- શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ પ્રવેશ મેળવેલ કોલેજમાં ઉમેદવાર કોલેજના શરૂઆતના પંદર દિવસ ગેરહાજર રહેશે તો તેનો પ્રવેશ આપોઆપ રદપાત્ર ઠરશે અને ખાલી થયેલ સીટ નિયમોનુસાર ભરવામાં આવશે. જે અંગે ઉમેદવારનો કોઈ હક્ક દાવો માન્ય રહેશે નહીં.

| | |
|---|---|
| ૧ | ઉમેદવાર નીચે જણાવેલા જે પ્રોગ્રામ કેટેગરીના અભ્યાસક્રમમાં એડમિશન લેવા રસ ધરાવતા હોય તેની પ્રોગ્રામ કેટેગરી દીઠ ફી રૂ.૩૦૦/-( નોન રિફંડેબલ) ઓનલાઈન ચલણથી ભરવાની રહેશે. ત્યાર બાદ તે પ્રોગ્રામકેટેગરીનું એડમિશન ફોર્મ ઓનલાઈન ભરી શકશે. |
| ૨ | અરજીપત્રક નીચે દર્શાવેલ પ્રોગ્રામ કેટેગરી વાઈઝ અભ્યાસક્રમપ્રમાણે અલગ ભરવાનું રહેશે. |

| પ્રોગ્રામ કેટેગરી | અભ્યાસક્રમો | અરજી ફી ની રકમ |
|---|---|---|
| પ્રોગ્રામ કેટેગરી - ૧ | બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર<br>બી.એસસી.(ઓનર્સ)હોર્ટીકલ્ચર<br>બી.એસસી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી<br>બી.ટેક. (બાયોટેકનોલોજી) | રૂા. ૩૦૦ |
| પ્રોગ્રામ કેટેગરી - ૨ | બી.ટેક (એગ્રી.એન્જી)/બી.ટેક. (ફૂડ ટેકનોલોજી)<br>બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એનવાયરમેન્ટલ એન્જી.)<br>બી.ટેક. (એગ્રીકલ્ચરલ ઈન્ફર્મેશન ટેકનોલોજી) | રૂા. ૩૦૦ |
| પ્રોગ્રામ કેટેગરી - ૩ | બી.એસસી.(ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ<br>બી.એસસી.(ઓનર્સ) ફુડ ન્યુટ્રીશન એન્ડ ડાયટેટીક્સ | રૂા. ૩૦૦ |

ઉમેદવારોએ દરેક પ્રોગ્રામ કેટેગરી માટે અલગ અરજી ફી તેમજ એડમિશન ફોર્મ ભરવાના રહેશે.

**ખુબ જ અગત્યનું :** ઉ.દા.: જો કોઈ ઉમેદવાર પ્રોગ્રામ કેટેગરી-૧ તથા પ્રોગ્રામ કેટેગરી-૨ બન્ને માં ફોર્મ ભરવા માંગતા હોય તો તે ઉમેદવારે પ્રોગ્રામ કેટેગરી-૧ માટે રૂ. ૩૦૦/- તથા પ્રોગ્રામ કેટેગરી-૨ માટે રૂ. ૩૦૦/- અલગ અલગ ભરી બંન્ને પ્રોગ્રામ કેટેગરી માટે અલગ અલગ એડમિશન ફોર્મ ભરવાનું રહેશે.

Navsari Agricultural University

AAU

# અનુક્રમણિકા



| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | ફોર્મ ભરતા પહેલા જરૂરી અતિ આવશ્યક સુચનાઓ | ૨ |
| ૨ | પ્રવેશ ક્ષમતા | ૫ |
| ૩ | પ્રવેશ લાયકાત | ૧૦ |
| ૪ | ઉંમર | ૧૩ |
| ૫ | અનામત બેઠકો અને પાત્રતા | ૧૩ |
| ૬ | મેરીટ લિસ્ટ | ૧૭ |
| ૭ | ફીનું ધોરણ, પ્રવેશ રદ્દ કરાવવા તથા ફી રિફંડ અંગેની પ્રક્રિયા | ૨૦ |
| ૮ | ખોટા પ્રમાણપત્રો રજૂ કરવાથી પ્રવેશ રદ્દ થવો | ૨૨ |
| ૯ | અભ્યાસક્રમની સામાન્ય માહિતી | ૨૨ |
| ૧૦ | પ્રવેશ પ્રક્રિયા | ૨૨ |
| ૧૧ | એન્ટી રેગીંગ કમિટી | ૨૨ |
| ૧૨ | વિદ્યાર્થીનીઓને હેરાનગતિ બાબત | ૨૩ |
| ૧૩ | ડિસ્ક્લેઈમર | ૨૩ |
| ૧૪ | કોલેજ ખાતે હાજર થવુ / એડમીશન કન્ફર્મ કરાવવુ | ૨૩ |
| ૧૫ | શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩-૨૪ના પ્રવેશના કટ ઓફ માર્કસ | ૨૪ |
| ૧૬ | પ્રવેશ માર્ગદર્શન માટે સંપર્ક | ૩૫ |

# ૧. ફોર્મ ભરતા પહેલા જરૂરી અતિ આવશ્યક સુચનાઓ

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓની વિવિધ કોલેજોમાં ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા (૨૦૨૪-૨૫) ના મુદ્દાઓની વિસ્તૃત માહિતી અને સમજ

૧. વિદ્યાર્થીએ ઓનલાઈન અરજી કરવા માટે સૌ પ્રથમ www.gsauca.in અથવા ug.gsauca.in પર જઈને જરૂરી બધીજ વિગતો ભરી ફોર્મ ફી રૂ.૩૦૦/- (નોન રિફંડેબલ) ઓનલાઇન (ડેબીટકાર્ડ, ક્રેડીટકાર્ડ અથવા નેટબેકીંગ) ભરવાની રહેશે.

૨. ફોર્મ ફી ભર્યા બાદ ચલણ નંબર નાખવાથી ઓનલાઇન ફોર્મ એકટીવેશન થશે અને ભરી શકાશે.

૩. પ્રવેશ ફોર્મ ઓનલાઇન ભરવાનું રહેશે તેમજ જરૂરી બધા જ અસલ ડોક્યુમેંટની સ્કેન કોપી (PDF) (સ્પષ્ટ વાંચી શકાય તેવી) તથા ફોટો અને સહીનો નમુનો (jpeg) અપલોડ કરવાનાં રહેશે અને ત્યાર બાદ જ ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

૪. ઓનલાઈન ભરેલ અરજી પત્રકમાં અપલોડ કરેલા તમામ ડોક્યુમેંટની ચકાસણી ઓનલાઈન જ થશે જેથી વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે રૂબરૂ આવવાનું રહેતું નથી.

૫. ઓનલાઈન ફોર્મ વેરીફાય થયા બાદ "Your registration form is sucssesfully verified" નો મેસેજ જે તે વિદ્યાથીના રજીસ્ટર્ડ મોબાઇલ પર આવશે. મેસેજ આવ્યા બાદ ચોઇસ ફીલીંગ કરવુ ફરજીયાત છે. વિદ્યાર્થીએ જે તે પ્રોગ્રામ કેટેગરીમાં આવતી કોલેજોમાંથી પસંદગીની કોલેજોને અગ્રતાક્રમમુજબ ટીક ( √ ) કરવાની રહેશે. જેઓએ ચોઇસફીલીંગ કરેલ નહી હોય તેઓનુ નામમેરીટ યાદીમાં સમાવેશ થશે નહી. જે અંગેનો વિધાથીનો પાછળથી કોઈ હક્કદાવો રહેશે નહિ.

૬. જો વિદ્યાર્થીએ ભરેલ ફોર્મમાં કે અપલોડ કરેલા ડોક્યુમેંટમાં કોઇ ભૂલ હશે તો યુનિવસીટી કક્ષાએથી ફોર્મ અનવેરીફાય થયા બાદ "Your registration form is unverified" નો મેસેજ જે તે વિદ્યાથીના રજીસ્ટર્ડ મોબાઇલ પર આવશે. આવા વિદ્યાથીઓએ www.gsauca.in અથવા ug.gsauca.in વેબસાઇટ પર Check Application Status પરથી ફોર્મનું સ્ટેટસ જાણી તેમા આવેલ ક્વેરી (ક્ષતી) જોઇ વેબસાઇટ પર Edit Application Form માં જરૂરી સુધારો કરી ફરીથી સબમીટ કરવાનું રહેશે. બાદમાં તે ફરીથી વેરીફાઇ કરવામાં આવશે અને "Your registration form is successfully verified" નો મેસેજ આવશે. મેસેજ આવ્યા બાદ ચોઇસ ફીલીંગ કરવુ ફરજીયાત છે.

૭. ચોઇસ ફીલીંગ કર્યાબાદ સુચવેલ અગત્યની તારીખ પ્રમાણે કામચલાઉ પ્રોગ્રામકેટેગરી વાઈઝ મેરીટ લીસ્ટ અને મોક રાઉન્ડ બહાર પડશે જેનુ વિશ્લેષણ કરી ચોઈસફીલીંગ (કોલેજ પસંદગીમાં) સુધારો કે વધારો કરી શકાશે.

૮. મોક રાઉન્ડની સુચિત તારીખ દરમ્યાન અંતિમવખત ચોઇસ બદલી શકાશે ત્યારબાદ ઓનલાઇન એડમીશન પ્રક્રિયા દરમ્યાન ચોઇસ બદલી શકાશે નહિ.

૯. જે તે ડીગ્રી કોર્ષના નિયમોનુસાર પ્રોગ્રામ કેટેગરી/કોલેજ-વાઈઝ મેરીટ લીસ્ટ તૈયાર કરી નિયત તારીખો દરમ્યાન વેબસાઇટ www.gsauca.in અથવા ug.gsauca.in પર મુકવામાં આવશે.

૧૦. પ્રથમ રાઉન્ડનું એલોટમેન્ટ પ્રોગ્રામ કેટેગરી/કોલેજ-વાઇઝ અને કેટેગરી-વાઈઝ આપવામાં આવશે. જેમા ઉપલબ્ધ સીટો મુજબના મેરીટમાં આવતા વિદ્યાર્થીને તેને પ્રવેશ મળતી કોલેજનું નામ પ્રદર્શીત થશે. મેરીટમાં ન આવતા વિદ્યાર્થીઓને "આપે પસંદ કરેલ કોલેજમાં પ્રવેશ મળતો નથી" તેવો મેસેજ પ્રદર્શીત થશે.

૧૧. જે ઉમેદવારને પ્રથમ રાઉન્ડમાં જ જો પ્રથમપસંદગીની કોલેજ મળી ગઈ હોય તો વેબસાઇટ (www.gsauca.in અથવા ug.gsauca.in) પર જઇ ઓનલાઇન (ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અથવા નેટ બેકીંગ) દ્વારા જરૂરી ફી ભરવાની રહેશે તેમજ રીસીપ્ટ ડાઉનલોડ કરી અને જે તે કોલેજ ખાતે (રજાના દિવસો સિવાય) નિયત સમયમાં ફરજીયાતપણે રીપોર્ટીંગ કરી એડમીશન કન્ફર્મ કરાવવાનું રહેશે. અન્યથા આવા વિદ્યાર્થીઓનું નામ મેરીટ લીસ્ટમાંથી નિયમોનુસાર આપોઆપ રદ થઈ જશે. હાજર ન થનાર વિધાથીનો પાછળથી પ્રવેશ માટે કોઈ હક્કદાવો રહેશે નહિ.

૧૨. જે ઉમેદવારોનું નામ કોલેજ ફાળવણી લીસ્ટમાં હોય અને પ્રથમ પસંદગીની કોલેજ ના મળી હોય અને બીજા રાઉન્ડનો લાભ લેવા માંગતા હોય તેઓએ વેબસાઇટ પર જઇ ઓનલાઇન (ડેબીટકાર્ડ, ક્રેડીટકાર્ડ અથવા નેટબેકીંગ) દ્વારા જરૂરી ફી ભરવાની રહેશે જેથી તેઓનું નામઆગળના રાઉન્ડમાં ચાલુ રહેશે અન્યથા જો ફી ભરશે નહી તો તેમનું નામઆગળના મેરીટ લીસ્ટમાંથી આપોઆપ રદ થઇ જશે. ઉમેદવારોએ ભરેલ ફી ની રીસીપ્ટ ડાઉનલોડ કરી સાચવી રાખવાની રહેશે.

**નોંધ : પ્રોગ્રામ કેટેગરી મુજબ જે ઉમેદવારને તેજ પ્રોગ્રામ કેટેગરીની કોલેજોમાં પ્રવેશ મળતો હોય અને ઓનલાઈન કોલેજ ફી (ભાઈઓ માટે રૂા. ૮૨૦૦ તથા બહેનો માટે રૂા.૩૨૦૦) ભરેલ હોય તેવા ઉમેદવારે બીજી વખત તેજ પ્રોગ્રામ કેટેગરી માટે ફી ભરવાની રહેતી નથી. માત્ર આગળના રાઉન્ડમાં ભાગ લેવાનો રહે છે.**

**જો અન્ય પ્રોગ્રામ કેટેગરીની કોલેજમાં પ્રવેશ મળે તો તેઓએ તે પ્રોગ્રામ કેટેગરી ની કોલેજ ફી ભરવી પણ ફરજિયાત છે.**

૧૩. બીજા રાઉન્ડનું એલોટમેન્ટ પ્રોગ્રામકેટેગરી/કોલેજ-વાઇઝ અને કેટેગરી-વાઈઝ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓને બીજા રાઉન્ડમાં તેઓની પ્રથમ પસંદગીની કોલેજ મળી ગઈ હોય તેણે ફરજિયાત પણે કોલેજ ખાતે નિયત સમયમાં રિપોર્ટિંગ કરી એડમિશન કન્ફર્મ કરાવવાનું રહેશે અન્યથા તેઓનું એડમિશન રદ થશે.

૧૪. બીજા રાઉન્ડમાં નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓએ પણ પોતાની પસંદગીની કોલેજ મળી ન હોય અને આગળના રાઉન્ડમાં ભાગ લેવા માંગતા હોય તો તેઓએ જરૂરી ફી ભરવાની રહેશે અન્યથા આવા વિદ્યાર્થીઓનું નામ મેરીટ લીસ્ટમાંથી આપોઆપ રદ થઈ જશે.

૧૫. ત્યારબાદ જે તે કોલેજમાં ખાલી રહેલી સીટો ઉપર મેરીટના આધારે ત્રીજા તથા ચોથા રાઉન્ડનું એલોટમેન્ટ આપવામાં આવશે. તમામ ઓનલાઈન રાઉન્ડ દરમ્યાન જે વિદ્યાર્થીઓને પોતાની પ્રથમ પસંદગીની કોલેજમાં એડમિશન મળે છે તેઓએ ઓનલાઇન ફી ભરીને જે તે કોલેજ ખાતે રૂબરૂ હાજર થઈ એડમીશન ફરજીયાત કન્ફર્મ કરવાનું રહેશે અન્યથા તેઓનું એડમીશન રદ થશે.

૧૬. ઓનલાઇન રાઉન્ડ બાદ ખાલી રહેતી બેઠકો માટે જ પ્રોગ્રામકેટેગરી/કોલેજ વાઈઝ મેરીટ યાદી મુજબ રૂબરૂ કાઉન્સેલિંગ રાઉન્ડ હાથ ધરવામાં આવશે. રૂબરૂ કાઉન્સેલિંગનો કાર્યક્રમ વેબસાઇટ (www.gsauca.in અથવા ug.gsauca.in) પર મુકવામાં આવશે.

**૧૭. ગુણ સુધારણા અથવા પૂરક પરીક્ષા આપનાર હોય તેવા ઉમેદવારો માટે :**

જે ઉમેદવારો ધોરણ-૧૨માં (વિજ્ઞાન પ્રવાહ)ની બોર્ડ દ્વારા જૂન/જુલાઇ-૨૦૨૪મા લેવાનાર તમામ વિષયોની ગુણ સુધારણા અથવા પૂરક પરીક્ષા આપનાર હોય તેવા ઉમેદવારો પણ ચલણ ફોર્મ ભરી શકશે. આવા ઉમેદવારોએ ઓનલાઇન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમા ચલણ ફોર્મ ભરવાનું રહેશે અને પરિણામ જાહેર થયે ફોર્મ ભરી નિયત સમયમાં વેરીફાય

કરાવી ચોઈસ ફિલિંગ કરી લેવાની રહેશે. અને આવા લાયક ઉમેદવારોને જ જે તે સમયે ચાલી રહેલ ઓનલાઈન રાઉન્ડ પૂર્ણ થયા પછીના રાઉન્ડમાં ખાલી રહેલ ઉપલબ્ધ બેઠકોમાં મેરિટના ધોરણે જ પ્રવેશ મળવા પાત્ર રહેશે

**૧૮. પ્રવેશ રદ્દ કરાવવા તથા ફી રિફંડ અંગેની પ્રક્રિયા :**

i. સ્નાતક કક્ષાની કોમન પ્રવેશ પ્રક્રિયાનાં અંતિમ રાઉન્ડ ની તારીખના (તારીખ વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે) આગલા દિવસ સુધીમાં ફી ભરેલ ઉમેદવાર પ્રવેશ રદ્દ કરાવે તો પ્રોસેસીંગ ફી પેટે રૂ. ૧૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર પુરા) કપાત કરી બાકીની રકમ પ્રવેશ પ્રક્રીયા પુર્ણ થયા બાદ જ પરત કરવામાં આવશે.

ii. પ્રવેશ રદ્દ કરાવવા જે-તે ઉમેદવારે સૌ પ્રથમ પોતાનાં ફોર્મમાં દર્શાવેલ ઈ-મેઈલ આઈડીમાંથી જ ugcancel@nau.in પર પ્રવેશ રદ્દ કરવા માટે અરજી/રજૂઆત નો એપ્લીકેશન નંબર તથા ઉચિત કારણ સાથે ઇ-મેઇલ કરવાનો રહેશે. ત્યારબાદ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ રદ્દ કરવામાં આવશે તે અંગેનો ઇ-મેઇલ ઉમેદવારનાં રજીસ્ટર્ડ ઈ-મેઇલ આઈડી પર મોકલવામાં આવશે. ત્યારબાદ ઉમેદવારનો પ્રવેશ રદ્દ ગણાશે. આવા ઉમેદવાર ફરીથી એડમીશન માટે કોઇ હક્ક દાવો કરી શકશે નહી.

iii. ત્યારબાદ ફી રિફંડ મેળવવા માંગતા આવા ઉમેદવારના કેસમાં તેના રજીસ્ટર્ડ ઈ-મેઇલમાં રિફંડ માટેની લીંક મોકલવામાં આવશે જેના પર ક્લીક કરી માંગ્યા મુજબની માહિતી ભરી તેને સબમીટ કરી તેની પ્રિન્ટ કાઢવાની રહેશે તથા તેની સાથે નીચે મુજબના સાધનિક કાગળો જોડી હાર્ડ કોપીમાં કુલસચિવશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી-૩૯૬૪૫૦ ના સરનામે અરજી પોસ્ટ/રૂબરૂ મોકલવાની રહેશે.

૧. વેરીફાઈડ થયેલ એડમીશન ફોર્મ

૨. ફી ભર્યા અંગેની રસીદ

૩. આધાર કાર્ડ

૪. બેંક ખાતાની પાસબુકના પ્રથમ પેઇઝની નકલ

ત્યારબાદ જેતે વિદ્યાર્થીને બેંક ખાતામાં બાકી રહેતી ફી ની રકમ ટ્રાન્સફર કરવામાં આવશે.

ઉપરોક્ત મુદ્દા નં. ૧૮(i) મુજબ નિયત સમયમાં પ્રવેશ રદ્દ કરવાની અરજી કરનાર

વિધાર્થીઓને જ રીફંડ મેળવવા પાત્ર થશે. અન્ય વિધાથીઓને રીફંડ મળશે નહી.

iv. જે વિદ્યાર્થીઓ એક પ્રોગ્રામ કેટેગરી માંથી બીજી પ્રોગ્રામ કેટેગરીની કોલેજમાં પ્રવેશ મેળવેતો તેઓએ ભરેલી કોલેજ ફી (ભાઈઓ માટે ૮૨૦૦ તથા બહેનો માટે ૩૨૦૦) રિફંડ મેળવવા પણ ઉપરોક્ત દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહેશે. આવા ઉમેદવારોએ ભરેલ પુરેપુરી કોલેજ ફી પરત મળવા પાત્ર થશે.

# ૨. પ્રવેશ ક્ષમતા (કેટેગરી પ્રમાણે)

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અંતર્ગત ચાલતા સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોની પ્રવેશ ક્ષમતા

| અભ્યાસક્રમ | કોલેજ/યુનિવર્સિટી | બેઝીક બેઠકો | ICAR 20 % | ICAR બાદની બેઠકો | અન્ય બોર્ડ 6.33% | ICAR / અન્ય બોર્ડ બાદની બેઠકો | જનરલ | અનુ સુચિત જાતિ 7% | અનુ સુચિત જનજાતિ 15% | શા.શૈ.પ.વ 27% | સેના કર્મચારીઓ માટે 1% | EWS 10%* | દિવ્યાંગજન 5%# | પારસી જાતિ * | કાશ્મીરી માઈગ્રેંટ* | NRG* |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર | ન. મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી | ૧૪૦ | ૨૮ | ૧૧૨ | ૦૭ | ૧૦૫ | ૫૪ | ૦૭ | ૧૫ | ૨૮ | ૦૧ | ૧૪ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., ભરૂચ | ૮૦ | ૧૬ | ૬૪ | ૦૪ | ૬૦ | ૩૧ | ૦૪ | ૦૯ | ૧૬ | ૦૦ | ૦૮ | ૦૩ | ૦૧ | | |
| | કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., વઘઈ | ૮૦ | ૧૬ | ૬૪ | ૦૪ | ૬૦ | ૩૧ | ૦૪ | ૦૯ | ૧૬ | ૦૦ | ૦૮ | ૦૩ | ૦૧ | | |
| | કૃષિ મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢ | ૧૫૨ | ૩૦ | ૧૨૨ | ૦૭ | ૧૧૫ | ૫૮ | ૦૮ | ૧૭ | ૩૧ | ૦૧ | ૧૫ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | કૃષિ મહાવિદ્યાલય જૂ.કૃ.યુ., મોટા ભંડારિયા (અમરેલી) | ૭૯ | ૧૫ | ૬૪ | ૦૪ | ૬૦ | ૩૧ | ૦૪ | ૦૯ | ૧૬ | ૦૦ | ૦૮ | ૦૩ | ૦૧ | | |
| | અસ્પી કૃષિ મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., ખાપટ (પોરબંદર) | ૫૮ | ૦૦ | ૫૮ | ૦૩ | ૫૫ | ૩૦ | ૦૩ | ૦૮ | ૧૪ | ૦૦ | ૦૬ | ૦૨ | ૦૧ | | |
| | કૃષિ મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., મોરબી (હાલ જૂનાગઢ) | ૩૦ | ૦૦ | ૩૦ | ૦૧ | ૨૯ | ૧૬ | ૦૨ | ૦૪ | ૦૭ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૧ | | |

| અભ્યાસક્રમ | કોલેજ/યુનિવર્સિટી | બેઝીક બેઠકો | ICAR 20 % | ICAR બાદની બેઠકો | અન્ય બોર્ડ 6.33% | ICAR / અન્ય બોર્ડ બાદની બેઠકો | જનરલ | અનુ સુચિત જાતિ 7% | અનુ સુચિત જનજાતિ 15% | શા.શૈ.પ.વ 27% | સેના કર્મચારીઓ માટે 1% | EWS 10%* | દિવ્યાંગજન 5%# | પારસી જાતિ * | કાશ્મીરી માઈગ્રેંટ* | NRG* |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| | બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ | ૧૪૫ | ૨૯ | ૧૧૬ | ૦૭ | ૧૦૯ | ૫૬ | ૦૭ | ૧૬ | ૨૯ | ૦૧ | ૧૫ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., વસો | ૬૬ | ૧૩ | ૫૩ | ૦૩ | ૫૦ | ૨૭ | ૦૩ | ૦૭ | ૧૩ | ૦૦ | ૦૭ | ૦૨ | ૦૧ | | |
| | કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., જબુગામ | ૬૧ | ૧૨ | ૪૯ | ૦૩ | ૪૬ | ૨૫ | ૦૩ | ૦૬ | ૧૨ | ૦૦ | ૦૬ | ૦૨ | ૦૧ | | |
| | ચી. પ. કૃષિ મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., સ.કૃ.નગર | ૧૩૫ | ૨૭ | ૧૦૮ | ૦૬ | ૧૦૨ | ૫૨ | ૦૭ | ૧૫ | ૨૭ | ૦૧ | ૧૪ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | કૃષિ મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., થરાદ | ૭૧ | ૧૪ | ૫૭ | ૦૩ | ૫૪ | ૨૯ | ૦૩ | ૦૮ | ૧૪ | ૦૦ | ૦૭ | ૦૨ | ૦૧ | | |
| | કૃષિ મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., કચ્છ-ભુજ (હાલ ભચાઉ) $ | ૩૦ | ૦૦ | ૩૦ | ૦૧ | ૨૯ | ૧૬ | ૦૨ | ૦૪ | ૦૭ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૧ | | |
| બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર | બાગાયત મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી | ૮૫ | ૧૭ | ૬૮ | ૦૪ | ૬૪ | ૩૪ | ૦૪ | ૦૯ | ૧૭ | ૦૦ | ૦૯ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| | બાગાયત મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢ | ૮૭ | ૧૭ | ૭૦ | ૦૪ | ૬૬ | ૩૬ | ૦૪ | ૦૯ | ૧૭ | ૦૦ | ૦૯ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| | બાગાયત મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ | ૭૦ | ૧૪ | ૫૬ | ૦૩ | ૫૩ | ૨૯ | ૦૩ | ૦૭ | ૧૪ | ૦૦ | ૦૭ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | બાગાયત મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., જગુદણ | ૮૦ | ૧૬ | ૬૪ | ૦૪ | ૬૦ | ૩૧ | ૦૪ | ૦૯ | ૧૬ | ૦૦ | ૦૮ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |

| અભ્યાસક્રમ | કોલેજ/યુનિવર્સિટી | બેઝીક બેઠકો | ICAR 20 % | ICAR બાદની બેઠકો | અન્ય બોર્ડ 6.33% | ICAR / અન્ય બોર્ડ બાદની બેઠકો | જનરલ | અનુ સુચિત જાતિ 7% | અનુ સુચિત જનજાતિ 15% | શા.શૈ.પ.વ 27% | સેના કર્મચારીઓ માટે 1% | EWS 10%* | દિવ્યાંગજન 5%# | પારસી જાતિ * | કાશ્મીરી માઈગ્રેંટ* | NRG* |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી | વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી | ૭૮ | ૧૫ | ૬૩ | ૦૩ | ૬૦ | ૩૧ | ૦૪ | ૦૯ | ૧૬ | ૦૦ | ૦૮ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| બી.ટેક. (બાયો-ટેકનોલોજી) | અસ્પી શકીલમ બાયોટેકનોલોજી ઈન્સ્ટિટયુટ, ન.કૃ.યુ., સુરત | ૭૦ | ૧૪ | ૫૬ | ૦૩ | ૫૩ | ૨૯ | ૦૩ | ૦૭ | ૧૪ | ૦૦ | ૦૭ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ |
| | કોલેજ ઓફ બેઝિક સાયન્સ એન્ડ હ્યુમાનિટીસ, સ.દા.કૃ.યુ., સ.કૃ.નગર | ૬૦ | ૦૦ | ૬૦ | ૦૩ | ૫૭ | ૩૧ | ૦૩ | ૦૮ | ૧૫ | ૦૦ | ૦૬ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ | અસ્પી કોલેજ ઓફ ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ, સ.દા.કૃ.યુ., સ.કૃ.નગર | ૭૦ | ૧૪ | ૫૬ | ૦૩ | ૫૩ | ૨૯ | ૦૩ | ૦૭ | ૧૪ | ૦૦ | ૦૭ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| બી.એસસી. (ઓનર્સ) ફુડ ન્યુટ્રીશન એન્ડ ડાયટેટીક્સ | | ૫૦ | ૦૦ | ૫૦ | ૦૩ | ૪૭ | ૨૫ | ૦૩ | ૦૭ | ૧૨ | ૦૦ | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ |

| અભ્યાસક્રમ | કોલેજ/યુનિવર્સિટી | બેઝીક બેઠકો | ICAR 20 % | ICAR બાદની બેઠકો | અન્ય બોર્ડ 6.33% | ICAR / અન્ય બોર્ડ બાદની બેઠકો | જનરલ | અનુ સુચિત જાતિ 7% | અનુ સુચિત જનજાતિ 15% | શા.શૈ.પ.વ 27% | સેના કર્મચારીઓ માટે 1% | EWS 10%* | દિવ્યાંગજન 5%# | પારસી જાતિ * | કાશ્મીરી માઈગ્રેંટ* | NRG* |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| બી.ટેક. (એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ) | કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી મહાવિદ્યાલય, ન.કૃ.યુ., ડેડીયાપાડા | ૪૬ | ૦૯ | ૩૭ | ૦૨ | ૩૫ | ૧૯ | ૦૨ | ૦૫ | ૦૯ | ૦૦ | ૦૫ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢ | ૯૭ | ૧૯ | ૭૮ | ૦૪ | ૭૪ | ૩૯ | ૦૫ | ૧૧ | ૧૯ | ૦૦ | ૧૦ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી મહાવિદ્યાલય, આ.કૃ.યુ., ગોધરા | ૬૫ | ૧૩ | ૫૨ | ૦૩ | ૪૯ | ૨૬ | ૦૩ | ૦૭ | ૧૩ | ૦૦ | ૦૭ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિધાલય, ખેડબ્રહ્મા (હાલ સરદાર કૃષિ નગર ) | ૪૦ | ૦૦ | ૪૦ | ૦૨ | ૩૮ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |

| અભ્યાસક્રમ | કોલેજ/યુનિવર્સિટી | બેઝીક બેઠકો | ICAR 20 % | ICAR બાદની બેઠકો | અન્ય બોર્ડ 6.33% | ICAR / અન્ય બોર્ડ બાદની બેઠકો | જનરલ | અનુ સુચિત જાતિ 7% | અનુ સુચિત જનજાતિ 15% | શા.શૈ.પ.વ 27% | સેના કર્મચારીઓ માટે 1% | EWS 10%* | દિવ્યાંગજન 5%# | પારસી જાતિ * | કાશ્મીરી માઈગ્રેંટ* | NRG* |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| બી.ટેક. (ફૂડ ટેક્નૉલોજી) | ફૂડ પ્રોસેસીંગ ટેક્નોલૉજી એન્ડ બાયો એનર્જી મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ | ૬૫ | ૧૩ | ૫૨ | ૦૩ | ૪૯ | ૨૬ | ૦૩ | ૦૭ | ૧૩ | ૦૦ | ૦૭ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | ફૂડ ટેક્નોલૉજી મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., સરદારકૃષિનગર | ૪૦ | ૦૦ | ૪૦ | ૦૨ | ૩૮ | ૨૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| બી.ટેક. (રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જીનિયરીંગ) | રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જીનિયરીંગ મહાવિદ્યાલય, સ.દા.કૃ.યુ., સરદારકૃષિનગર | ૬૦ | ૦૦ | ૬૦ | ૦૩ | ૫૭ | ૩૧ | ૦૩ | ૦૮ | ૧૫ | ૦૦ | ૦૬ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| બી.ટેક. (એગ્રીકલ્ચરલ ઈન્ફર્મેશન ટેક્નોલૉજી) | એગ્રીકલ્ચરલ ઈન્ફર્મેશન ટેક્નોલૉજી મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ | ૬૦ | ૦૦ | ૬૦ | ૦૩ | ૫૭ | ૩૧ | ૦૩ | ૦૮ | ૧૫ | ૦૦ | ૦૬ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૧ |

નોંધ : ૧) ઉપરોક્ત અનામત કેટેગરી ની સીટોની વહેંચણી ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક પવસ-૧૯૯૬-૮૭૮-ગ-૪, સચિવાલય, ગાંધીનગર તા. ૦૫/૦૯/૨૦૦૦ મુજબ ગણવામાં આવેલ છે.
૨) # સબંધિત કેટેગરીમાં એડજસ્ટ કરવામાં આવશે (૩) * સુપરન્યુમરરી બેઠકો સરકારશ્રીનાં નિયમોનુસાર (૪) $ કૃષિ મહાવિદ્યાલય, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, ભુજ, કચ્છ (હાલ: ભચાઉ) ખાતે બહેનો માટે હોસ્ટેલ વ્યવસ્થા ન હોવાથી ફક્ત ભાઈઓને જ પ્રવેશ આપવામાં આવશે.

ઉપરોક્ત પ્રવેશ ક્ષમતા ઉપરાંત નીચે મુજબની વધારાની બેઠકો રહેશે.

(i) ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે દરેક યુનિવર્સિટીની દરેક કોલેજમાં વધારાની એક બેઠક (ii) કાશ્મીરી માઈગ્રેંટ (વિસ્થાપીતો) માટે દરેક યુનિવર્સિટીની કૃષિ અને કૃષિ ઈજનેરી ફેકલ્ટી દીઠ વધારાની બે બેઠકો

i) NRG માટે દરેક યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીમાં વધારાની એક બેઠક

ન.કૃ.યુ. = નવસારી કૃષિ યુનિવર્સિટી જૂ.કૃ.યુ. = જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી આ.કૃ.યુ. = આણંદ કૃષિ યુનિવર્સિટી સ.દા.કૃ.યુ. = સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

| ૩.૦ | પ્રવેશ લાયકાત : બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર/ બી.એસસી.(ઓનર્સ) હોર્ટીકલ્ચર/ બી.એસસી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી/ બી.ટેક.(બાયોટેકનોલોજી)/ બી.ટેક (એગ્રી.એન્જી.)/ બી.ટેક. (ફૂડ ટેકનોલોજી)/ બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એનવાયરમેન્ટલ એન્જી.)/ બી.ટેક. (એગ્રી. ઈન્ફર્મેશન ટેકનોલોજી) / બી.એસસી.(ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ/ બી.એસસી.(ઓનર્સ) ફુડ ન્યુટ્રીશન એન્ડ ડાયટેટીક્સ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે |
|---|---|

૩.૧ ઉમેદવાર ગુજરાતનો રહેવાસી હોવો જોઈએ અને તેણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ના ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (બી-ગ્રુપ)/ ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીકસ, બાયોલોજી (એબી-ગ્રુપ)/ ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (એ-ગ્રુપ) સહિત અંગ્રેજી વિષય સાથે ગુજરાત બોર્ડ અથવા ગુજરાત રાજયના માન્યતા પ્રાપ્ત અન્ય બોર્ડ માંથી પાસ કરેલ હોવી જોઈએ તથા ગુજકેટ- ૨૦૨૪ પ્રવેશ પરીક્ષા પણ ફરજિયાત પણે પાસ કરેલી હોવી જોઈએ.

(A) પ્રોગ્રામ કેટેગરી-૧ બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર / બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર / બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી / બી.ટેક. (બાયોટેકનોલોજી) અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨ ની પરીક્ષામાં ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (ત્રણ વિષયો)ની થીયરીમાં (ગ્રેસીંગ માર્કસ સિવાય) કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ.

| | | |
|---|---|---|
| (i) | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે | ૩૫ % (૧૦૫ માર્કસ) |
| (ii) | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે | ૩૫ % (૧૦૫ માર્કસ) |
| (iii) | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ તથા આર્થિક રીતે નબળા બિનઅનામત વર્ગના (EWS) માટે વિદ્યાર્થીઓ માટે | ૪૦ % (૧૨૦ માર્કસ) |
| (iv) | અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | ૪૦ % (૧૨૦ માર્કસ) |

(B) પ્રોગ્રામ કેટેગરી-૨ બી.ટેક (એગ્રી.એન્જી)/ બી.ટેક. (ફૂડ ટેકનોલોજી)/ બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એનવાયરમેન્ટલ એન્જી.)/  બી.ટેક. (એગ્રીકલ્ચરલ ઈન્ફર્મેશન ટેકનોલોજી) અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨ ની પરીક્ષામાં ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (બી-ગ્રુપ)/ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીકસ, બાયોલોજી (એબી-ગ્રુપ) ('AB' ગ્રુપ માટે બાયોલોજી અથવા મેથેમેટીકસમાંથી જે વિષયના માર્કસ વધારે હશે તે માર્કસ જ ગણતરીમાં લેવામાં આવશે.)/ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (એ-ગ્રુપ) વિષયોની થીયરીમાં (ગ્રેસીંગ માર્કસ સિવાય) કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ.

| | | |
|---|---|---|
| (i) | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે | ૩૫ % (૧૦૫ માર્કસ) |
| (ii) | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે | ૩૫ % (૧૦૫ માર્કસ) |
| (iii) | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ તથા આર્થિક રીતે નબળા બિનઅનામત વર્ગના (EWS) માટે વિદ્યાર્થીઓ માટે | ૪૦ % (૧૨૦ માર્કસ) |
| (iv) | અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | ૪૦ % (૧૨૦ માર્કસ) |

(C) પ્રોગ્રામ કેટેગરી-૩ બી.એસસી.(ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ/ બી.એસસી.(ઓનર્સ) ફુડ ન્યુટ્રીશન એન્ડ ડાયટેટીક્સ અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨ ની પરીક્ષામાં ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (બી-ગ્રુપ)/ ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીકસ, બાયોલોજી  (એબી-ગ્રુપ) ('AB' ગૃપ માટે બાયોલોજી અથવા મેથેમેટીકસ માંથી જે વિષયના માર્કસ વધારે હશે તે માર્કસ જ ગણતરીમાં લેવામાં આવશે.)/ ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (એ-

ગ્રુપ) વિષયોની થીયરીમાં (ગ્રેસીંગ માર્કસ સિવાય) કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ.

| | | |
|---|---|---|
| (i) | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે | ૩૫ % (૧૦૫ માર્કસ) |
| (ii) | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે | ૩૫ % (૧૦૫ માર્કસ) |
| (iii) | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ તથા આર્થિક રીતે નબળા બિનઅનામત વર્ગના (EWS) માટે વિદ્યાર્થીઓ માટે | ૩૫ % (૧૦૫ માર્કસ) |
| (iv) | અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | ૩૫ % (૧૦૫ માર્કસ) |

૩.૨ પ્રવેશ માટે ઉમેદવારે નીચેના બોર્ડમાંથી પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ :

(A) ગુજરાત બોર્ડ અથવા ગુજરાત રાજ્યના માન્યતાપ્રાપ્ત અન્ય બોર્ડમાંથી ૧૦+૨ પધ્ધતિ અંતર્ગત ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (એ-ગ્રુપ)/ ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (બી-ગ્રુપ)/ ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ, બાયોલોજી (એબી-ગ્રુપ) અને અંગ્રેજી વિષય સાથે ધોરણ-૧૨ ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ તેમજ પ્રવેશ પરીક્ષા ગુજકેટ-૨૦૨૪ પાસ કરેલી હોવી જોઈએ.

(B) ગુજરાત રાજ્યના માન્યતાપ્રાપ્ત અન્ય બોર્ડના ઉમેદવારોને પ્રો-રેટાને આધારે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓની મધ્યસ્થ પ્રવેશ સમિતિ નક્કી કરે તે પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે.

(i) સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)/ કાઉન્સિલ ઓફ ઇન્ડિયન સ્કૂલ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન, ન્યુ દિલ્હી (CISE)/ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કુલિંગ (NIOS)/ ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ (ISB)

(a) ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે ગુજરાત રાજ્યમાં આવેલ હોવી જોઈએ.

(b) ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા દીવ - દમણ અને દાદરા નગર હવેલીમાં આવેલી હોય અને તેના વાલી ગુજરાત રાજ્યના મૂળ રહેવાસી હોય.

(C) જો ઉમેદવાર ગુજરાત રાજ્યના નિઝર તાલુકાનો રહેવાસી હોય અને ધોરણ-૧૨ની પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય તેમજ પ્રવેશ માટેની ન્યુનતમશૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો આવા અરજદારે થીયરી અને પ્રેક્ટિકલના જૂદા જૂદા ગુણ દર્શાવતી જે તે સ્કુલના આચાર્યશ્રીની સહીવાળી માર્કશીટ રજૂ કરવાની રહેશે તેમજ તેણે GUJCET-૨૦૨૪ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

૩.૩ જે ઉમેદવારના માતા-પિતા ગુજરાત રાજ્યના મૂળ વતની હોય અને ગુજરાત રાજ્યની બહાર નીચે દર્શાવેલ નોકરીની કેટેગરીમાં નોકરી કરતા હોય, તેણે ધોરણ-૧૨ ની પરીક્ષા તેના માતા-પિતા નોકરી કરતા હોય તે રાજ્યમાંથી પાસ કરી હોય અને GUJCET-૨૦૨૪ ગુજરાત સરકાર દ્વારા વખતો વખત માન્ય કરાયેલ પ્રવેશ પરીક્ષા ચાલુ વર્ષે આપેલી હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો સમાવેશ મેરીટ-લિસ્ટમાં યોગ્ય જગ્યાએ કરવામાં આવશે.

૩.૪ i જે ઉમેદવારના વાલીની બદલી ગુજરાત રાજ્યમાં થઈ હોય અને રજીસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઈ ગયા હોય અને ત્યાં રજીસ્ટ્રેશન સુધી ફરજ પર રહેવાના હોય તેણે ધોરણ-૧૨ની પરીક્ષા તથા ચાલુ વર્ષની GUJCET કે તેની સમકક્ષ ગુજરાત સરકાર દ્વારા વખતો વખત માન્ય કરાયેલ પ્રવેશ પરીક્ષા આપેલ હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ અધર બોર્ડના મેરીટ લીસ્ટમાં કરવામાં આવશે.

ii તેના વાલી નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય

| | | |
|---|---|---|
| | નોકરીની કેટેગરી : | |
| | • | કેન્દ્ર સરકારના અધિકારી અથવા કર્મચારી |
| | • | કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારી અથવા કર્મચારી |
| | • | રાષ્ટ્રીયકૃત બેન્કના અધિકારી અથવા કર્મચારી |
| | • | ગુજરાત રાજ્યમાં આવેલ UNO/UNICEF/WHO જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી અથવા કર્મચારી |
| | • | ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા / ભારતીય જંગલ સેવા / ભારતીય પોલીસ સેવાના અધિકારી /કર્મચારી કે જેઓ ગુજરાત અથવા જે રાજ્યમાં કે ગુજરાત રાજ્ય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે. |
| | • | ગુજરાત રાજ્ય સરકારના અધિકારી/કર્મચારી કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજ્ય બહાર ફરજ બજાવે છે. |
| ૩.૫ | જે ઉમેદવારે | |
| | i | ગુજરાત રાજ્યમાં આવેલી કોઈપણ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ ૮ સુધી અભ્યાસ કરેલ હોય અને |
| | ii | ત્યારબાદ અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત અભ્યાસ કરેલ હોય અને |
| | iii | ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ - ૧૨ ની પરીક્ષા પાસ કરેલ હોય અને |
| | iv | ચાલુ વર્ષે GUJCET પ્રવેશ પરીક્ષા આપેલ હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો સમાવેશ પણ બીજા પ્રકારના મેરીટ લિસ્ટમાં કરવામાં આવશે. |
| | નોંધ : "જવાહર નવોદય વિદ્યાલય" યોજના એટલે કે, જવાહર નવોદય વિદ્યાલય યોજના કે જે રાષ્ટ્રીય શૈક્ષણિક પોલીસી હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૧૯૮૫-૮૬ દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) દ્વારા સંચાલિત છે. | |
| ૩.૬ | i. | જે ઉમેદવારે ધોરણ-૧૨ની પરીક્ષા કૃષી વ્યવસાયલક્ષી પ્રવાહ અથવા ઉતર બુનિયાદી પ્રવાહ (કૃષિના વિષયો સાથે) ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે ૩.૧(A) માં જણાવેલ ટકાવારી પ્રમાણે પાસ કરેલ હોય તેઓ પ્રોગ્રામ કેટેગરી-૧નાં અભ્યાસક્રમો બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર/ બી.એસસી.(ઓનર્સ) હોર્ટીકલ્ચર/બી. એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી/બી.ટેક. (બાયોટેકનોલોજી)માં પ્રવેશ માટે વધારાના ૫% ગુણ (ભારાંક-Weightage) મળવાપાત્ર થશે. |
| | ii. | જે ઉમેદવારે ધોરણ-૧૨ની પરીક્ષા ગૃહ વિજ્ઞાન વ્યવસાયલક્ષી પ્રવાહ અથવા ઉતર બુનિયાદી પ્રવાહ (ગૃહ વિજ્ઞાનના વિષયો સાથે) ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી/મેથેમેટિક્સ અને અંગ્રેજી વિષય સાથે ૩.૧ (C)માં જણાવેલ ટકાવારી પ્રમાણે પાસ કરેલ હોય તેઓને માત્ર પ્રોગ્રામ કેટેગરી-૩ નાં અભ્યાસક્રમ બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સમાં પ્રવેશ માટે વધારાના ૫ % ગુણ(ભારાંક-Weightage) મળવાપાત્ર થશે. |
| ૩.૭ | ખેડુતના પુત્ર/પુત્રી/ભાઈ/બહેન/પૌત્ર/પૌત્રીને વધારાનાં ૫ % ગુણ (ભારાંક-Weightage) પ્રોગ્રામ કેટેગરી-૧ તથા પ્રોગ્રા મકેટેગરી-૩નાં અભ્યાસક્રમો બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર/બી.એસસી.(ઓનર્સ) હોર્ટીકલ્ચર / બી.એસસી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી/બી.ટેક. (બાયોટેકનોલોજી) / બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ/ | |

બી.એસસી.(ઓનર્સ) ફુડ ન્યુટ્રીશન એન્ડ ડાયટેટીક્સ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જ મળવાપાત્ર છે. જો કે આવા ઉમેદવાર જે તે પ્રોગ્રામ કેટેગરીની પ્રવેશ માટેની ન્યુનતમ શૈક્ષણીક લાયકાત ધરાવતો હોવો જોઈએ. આ માટે તેના પિતા/માતા/દાદા (પિતૃ પક્ષ)/દાદી (પિતૃ પક્ષ) કે ભાઈ/બહેન ગુજરાત રાજ્યમાં ખેતીલાયક જમીન ધરાવે છે, તે અંગેનો ૭-૧૨/૮-અ નો ચાલુ નાણાકીય વર્ષનો (તા. ૦૧.૦૪.૨૦૨૪ પછીનો) ઉતારો તેમજ જમીન ધારક અને ઉમેદવાર વચ્ચેનો સંબંધ દર્શાવતું તલાટી/મામલતદાર નું પેઢીનામું/ગ્રામ પંચાયતનો સક્ષમ અધિકારીની સહી અને સિક્કા વાળો ખેડુત પુત્ર/પુત્રી નો (જોડાણ-૧માં દર્શાવ્યા મુજબ) દાખલો રજૂ કરવાનો રહેશે. ખાસ સૂચના: ઉમેદવાર ક્રમ નં. ૩.૬ (i), ૩.૬ (ii) તથા ૩.૭ ની જોગવાઈ અન્વયે મળવાપાત્ર વધારાના ગુણભાર પૈકી કોઈ પણ એક જ જોગવાઈનો ફક્ત ૫ % ગુણભારનો લાભ મેળવી શકશે.

૩.૮ રમત-ગમતમાં ભાગ લીધેલ ઉમેદવારને તમામ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નીચે મુજબ વધારાના વેઈટેજ (ભારાંક) આપવામાં આવે છે :

| ક્રમ | સ્પર્ધા | ટકા (ભારાંક-Weightage) |
|---|---|---|
| i | આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવો | ૭ % |
| ii | રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવો | ૧ % |
| | (a) પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૫ % |
| | (b) દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૩ % |
| | (c) તૃતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૨ % |
| iii | રાજ્ય સ્તરની સ્પર્ધામાં | |
| | (a) પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૧ % |
| | (b) દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૦.૫ % |

નોંધ : આ લાભ ઉમેદવારને તેના યુનિવર્સિટીનાં અભ્યાસકાળ દરમ્યાન ફક્ત એક વખત મળવાપાત્ર થશે.

૩.૯ જે ઉમેદવારે બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ- ૧૨ ની સપ્લીમેન્ટરી પરીક્ષા પાસ કરેલ હશે, જે ચાલુ શૈક્ષણિક વર્ષ માં પ્રવેશ માટે લાયક ગણાશે.

## ૪.૦ ઉંમર :

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ચાલુ વર્ષની ૩૧ મી ડિસેમ્બરે ઓછામાં ઓછા ૧૭ વર્ષ પૂરા કરેલા હોવા જોઈએ.

## ૫.૦ અનામત બેઠકો અને પાત્રતા :

૫.૧ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ માટે નીચે મુજબની બેઠકો અનામત રાખવામાં આવેલ છે :

| | | |
|---|---|---|
| ૧. | ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થાના ઉમેદવારો માટે | ૨૦ % |
| ૨. | ગુજરાત રાજ્યના ઉમેદવારો માટે | ૮૦ % |

| | | | |
|---|---|---|---|
| | ગુજરાત રાજ્યના ઉમેદવારો માટેની બેઠકો નીચે દર્શાવેલ કેટેગરી મુજબ અનામત રહેશે : | | |
| | અનુસૂચિત જાતિ | ૭ % | આ કેટેગરીની અનામત બેઠકો એકબીજામાં નિયમોનુસાર તબદીલ થઈ શકશે. |
| | અનુસૂચિત જનજાતિ | ૧૫ % | |
| | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (ઉન્નત વર્ગમાં સમાવિષ્ઠ ન હોય તેવા) | ૨૭ % | ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા માન્યતા પ્રાપ્ત |
| | દિવ્યાંગ જન (PwD) | ૫ % | જે - તે કેટેગરીમાં સમાવિષ્ઠ થશે |
| | સેનામાં કાર્યરત અથવા સેનામાંથી નિવૃત્ત કર્મચારીના સંતાનો | ૧ % | - |
| | EWS આર્થિક રીતે નબળા બિન અનામત વર્ગો | ૧૦ % | ગુજરાત સરકારશ્રીના નિતિનિયમો મુજબ |

**૫.૨ અનામત બેઠકો માટે સામાન્ય શરતો :**

વિવિધ કેટેગરીના ઉમેદવારો માટેની અનામત બેઠકો નીચેની શરતોને આધિન રહેશે.

૧. કોઈપણ ઉમેદવારને એક સમયે એક જ અનામત બેઠક કે લાયકાતમાં છૂટછાટ મળશે.

૨. કોઈપણ સંજોગોમાં કોઈપણ કેટેગરીની અમુક કે બધી બેઠકો ઓછા ઉમેદવારો અથવા જરૂરી લાયકાત ન ધરાવતા ઉમેદવારોને કારણે ખાલી રહેશે તો તેને બિનઅનામત કેટેગરીમાં ગણવામાં આવશે અને તે બીન અનામત કેટેગરીના ઉમેદવારોથી મેરીટના આધારે ભરવામાં આવશે.

**૫.૩ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો (SC & ST):**

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટેની અનામત બેઠકોનું પ્રમાણ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નક્કી થયા મુજબનું રહેશે. જે હાલમાં નીચે મુજબ છે :

૧. ૨૨% બેઠકો આ બન્ને પછાતવર્ગના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે. જે પૈકીની ૭ % બેઠકો અનુસૂચિત જાતિ અને ૧૫ % બેઠકો અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે.

૨. જે ઉમેદવારો તેમના મેરીટ પ્રમાણે બિનઅનામત કેટેગરીમાં પ્રવેશપાત્ર હોય તેઓનો સમાવેશ અનામત બેઠકો પર કરવાનો રહેશે નહી.

નોંધ :

- આ બન્ને પછાતવર્ગની કોઈપણ એક કેટેગરીમાં અનામત બેઠકો કરતા વધારે ઉમેદવારો હોય તો તેમને જે - તે કેટેગરીના મેરીટ લિસ્ટ મુજબ પ્રવેશ આપવાનો રહેશે.
- આ બન્ને અનામત બેઠકોના ગ્રુપ પૈકી કોઈ એક ગ્રુપમાં ઓછા અરજદારોને લીધે બેઠકો ખાલી રહે તો એકબીજીની નિર્ધારીત ૭ % અને ૧૫ % અનામત બેઠકોમાં પ્રવેશ આપી શકાશે.
- અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે કેટેગરી માટે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માન્યતાપ્રાપ્ત અધિકારીનું જાતિનું વેલીડ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો વેરીફીકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર ખોટું માલુમપડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તાત્કાલિક અસરથી રદ થશે.

**૫.૪ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર (SEBC) :**

ગુજરાત રાજ્યના સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારો માટે ૨૭ % બેઠકો રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે :

૧. આ કેટેગરીની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે પોતાની જાતિનો સમાવેશ સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગમાં થાય છે તે મતલબનું ગુજરાત રાજ્યના સક્ષમ અધિકારીનું વેલીડ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો વેરીફીકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તાત્કાલિક અસરથી રદ થશે.

૨. સા.શૈ.પ.વ. ના ઉમેદવારે "ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ થતો નથી" તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ) રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષનું અથવા તા. ૦૧/૦૪/૨૦૨૨ બાદનું હોવું જોઈએ અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહીં. (ગુજરાત સરકારના સામાજીક ન્યાય અધિકારિતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તા.૨૬/૦૪/૨૦૧૬ની જોગવાઈ મુજબ)

૩. સા.શૈ.પ.વ.ના જે ઉમેદવારને મેરીટના ધોરણે બીનઅનામત કેટેગરીમાં પ્રવેશ મળ્યો હશે તેનો સમાવેશ અનામત બેઠક પર કરવાનો રહેશે નહીં.

**૫.૫ આર્થિક રીતે નબળા બિન અનામત વર્ગોના ઉમેદવાર (Economically Weaker Sections)**

ગુજરાત રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગના (EWS) ઉમેદવારો માટે ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા. ૦૬.૦૬.૨૦૧૯ના ઠરાવ ક્રમાંક ગકવ-૧૬૨૦૧૯-૭૫૨-ક.ર. મુજબ ૧૦ % બેઠકો પર પ્રવેશ મળવાપાત્ર રહેશે. જે માટે આર્થિક રીતે નબળા બિનઅનામત વર્ગનું સક્ષમઅધિકારીનું વેલીડ પ્રમાણપત્ર જોડવાનું રહેશે.

**૫.૬ દિવ્યાંગજન (PwD) ઉમેદવારો :**

ગુજરાત રાજ્યના દિવ્યાંગજન ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે આ બેઠકો જે - તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે. તેમજ નીચેની શરતોને આધિન રહેશે :

૧. શારીરિક દિવ્યાંગતા બાબતે ઉમેદવારની પ્રવેશપાત્રતા ગેરલાયક ઠરાવવામાં આવશે, જો....

a. કુલ શારીરિક દિવ્યાંગતા (છાતી/સ્પાઈન સહિત) ૫૦ % કરતા વધારે હોય
b. પગની દિવ્યાંગતા ૫૦% કરતા વધારે હોય
c. હાથની દિવ્યાંગતા હોય
d. દ્રષ્ટિની દિવ્યાંગતા અને સાંભળવાની દિવ્યાંગતા હોય
e. ક્રમશ: વધતા જતા માયોપેથીઝ જેવા રોગોથી પીડીત ઉમેદવાર હોય
f. જે તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રાયોગિક કાર્યો/ફીલ્ડ વર્ક કરવામાં બાધક દિવ્યાંગતા હોય

૨. દિવ્યાંગજન ઉમેદવારની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકારીનું વેલીડ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો દિવ્યાંગજન માટેની અનામત બેઠક પર પ્રવેશનો અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે.

| | | |
|---|---|---|
| | ૫.૭ | સેનાના કર્મચારીના સંતાનો માટે અનામત બેઠક (CHILDREN OF DEFENCE PERSEN AND EX-SERVICEMAN) |
